RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 256* Date: 13.07.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ઉત્તર ભારતમાં ચોમાસાના આગમન સાથે જ કુદરતનો કહેર

# રાજસ્થાન, ઉ.પ્રદેશ, મ.પ્રદેશમાં વીજળી ત્રાટકતા ૭૦થી વધુના મોત






**રાજસ્થાનના જયપુરમાં આમેર મહેલ પર વીજળી ત્રાટકતા સેલ્ફી લઇ રહેલ ૧૧ લોકોના મોતથી ખળભળાટ મચ્યો, મ.પ્રદેશમાં ૭થી વધુના મોત નિપજ્યા, વડાપ્રધાને દુઃખ વ્યક્ત કરી વળતર જાહેર કર્યું**

*લખનઉ/જયપુર,તા.૧૨*

ઉત્તર ભારતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. આ સાથે જ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વરસાદ કહેર બનીને તૂટી પડ્યો છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં વીજળી પડવાને કારણે ૬૦થી વધારે લોકોનાં મોત થયાં છે. જ્યારે મધ્યપ્રદેશમાં વીજળી પડવાને કારણે ૭થી વધારે લોકોનાં મોત થયાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીજળી પડવાને કારણે થયેલા મૃતકોનાં પરિવારજનો માટે સંવેદના વ્યક્ત કરી છે. પીએમઓ તરફથી કરવામાં આવેલા ટ્વીટમાં લખ્યું છે કે રાજસ્થાનના અમુક વિસ્તારોમાં વીજળી પડવાને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. એને કારણે ખૂબ દુઃખ થયું. હું મૃતકોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.

ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ અને ૧૧ જિલ્લામાં વીજળી પડવાને કારણે અંદાજે ૪૪ જેટલા લોકોનાં મોત થયાં છે, જ્યારે ૪૭ લોકો ઘાયલ છે. મીડિયા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, કાનપુરની આસપાસના જિલ્લામાં ૧૮, પ્રયાગરાજમાં ૧૪, કૌશામ્બીમાં ૪, ફિરોઝાબાદ અને ફતેહપુરમાં ૩-૩, ઉન્નાવ, સોનભદ્ર અને હમીરપુરમાં ૨-૨, પ્રતાપગઢ, કાનપુર નગર, મિર્ઝાપુર અને હરદોઈમાં ૧-૧ લોકોનાં મોત થયાં છે. ઘણી જગ્યાએ વીજળી પડવાને કારણે જાનવરોનાં પણ મોત થયાં છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વીજળી પડવાને કારણે થયેલાં મોત વિશે શોકની લાગણી વ્યક્ત કરી છે. આ માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોનાં પરિવારજનોને રૂ. ૪ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે.

રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં વીજળી પડવાની અલગ અલગ ઘટનાઓમાં સાત બાળકો સહિત ૨૦ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૨૧ લોકો ઘાયલ થયા છે. માત્ર જયપુરમાં જ આમેર કિલ્લાના વોચ ટાવર પર વીજળી પડવાને કારણે ૧૨ લોકોનાં મોત થયાં છે, જ્યારે કોટા જિલ્લામાં ચાર બાળકો અને ધૌલપુર જિલ્લામાં ૩ બાળકોનાં મોત થયાં છે.

જયપુરમાં ભારે વરસાદ દરમિયાન રવિવારે આમેર મહેલમાં બનેલા વોચ ટાવર પર વીજળી પડી હતી. અહીં ફરવા આવેલા ૩૫થી વધુ ટૂરિસ્ટ એની ઝપટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં ૧૧ લોકોનાં મોત થયાં છે. ઘટનામાં અનેક લોકો પહાડી પરથી નીચે ઝાડીમાં પડી ગયા હતા. ઘાયલોમાં હજુ અનેકની હાલત ગંભીર બનેલી છે. હાલ રેસ્ક્યૂ-ઓપરેશન ચાલી રહ્યું છે. રાજ્યમાં અનેક જગ્યાએ વીજળી પડવાની ઘટનાઓ બની છે, જેમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, મધ્યપ્રદેશના અલગ અલગ જિલ્લામાં વીજળી પડવાને કારણે સાતથી વધારે લોકોનાં મોત થયાં છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, શિવપુર જિલ્લામાં બે અને ગ્વાલિયરમાં ૨ લોકોનાં મોત થયાં છે. આ સિવાય શિવપુરી, અનુપુર અને બેતુલ જિલ્લામાં પણ ૧-૧ લોકોનાં મોત થયાં છે.

## પેટ્રોલમાં ૨૮ પૈસાનો વધારો તો ડિઝલમાં ૧૬ પૈસાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૧૨

આજે ૧૨ જુલાઈએ પેટ્રોલની કિંમતોમાં એક વખત ફરીથી વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ ૨૮ પૈસા મોંઘું થયું છે જ્યારે ડીઝલની કિંમતમાં ૧૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. રાજધાની દિલ્હીમાં સોમવારે પેટ્રોલની કિંમત ૧૦૧.૧૯ રૂપિયા પ્રતિ લીટર પહોંચી ગઈ. બીજી તરફ, ડીઝલ ૮૯.૭૨ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે.

હાલના સમયમાં દેશના લગભગ ૧૭થી વધુ રાજ્યોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. આ રાજ્યોની યાદીમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, લદાખ, કર્ણાટક, જમ્મુ અને કાશ્મીર, ઓડિશા, તમિલનાડુ, બિહાર, કેરળ, પંજાબ, સિક્કિમ, દિલ્હી, પુડુચેરી અને પશ્ચિમ બંગાળ સામેલ છે. પ્રતિદિવસે વધી રહેલા પેટ્રોલના ભાવને જોતા આગામી દિવસોમાં ગુજરાતનું નામ પણ આ લિસ્ટમાં જોડાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

દેશમાં મોદી સરકાર આવ્યા પછી સતત ધીમે-ધીમે મોંઘવારી વધતી ગઈ છે. કોરોનાકાળ પછી તો મોંઘવારી અને બેરોજગારી મોદી સરકારના કહ્યાંમાં ના રહી હોય તેવું લાગી રહ્યું છે. દેશમાં ખાદ્ય-ચીજ વસ્તુથી લઈને દરેક વસ્તુના ભાવ વધી રહ્યાં છે. લોકોની આવક ઓછી થઈ રહી છે તો બીજી તરફ મોંઘવારી વધી રહી છે. આમ પ્રતિદિવસ દેશની અર્થવ્યવસ્થા ખાઈમાં ધકેલાઈ રહી છે. જોકે, તે છતાં પણ મોદી સરકાર આ અંગે કોઈ જ નિવેદન આપી રહી નથી.

મોદીએ મનની વાતમાં પણ ક્યારેય મોંઘવારીનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. દેશવાસીઓના જીવન દોહિલા બની રહ્યાં છે ત્યારે બીજેપીના નેતાઓ સતત ચૂંટણી જીતવાના પ્લાન બનાવી રહ્યાં છે. તો કેટલાક બીજેપી નેતાઓ તો વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવવાની જગ્યાએ વસ્તી નિયંત્રણ કરવાની વાતો કરવા લાગ્યા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૨૭૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૬૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૩૩૯૯**

### કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા વધીને ત્રણ કરોડને પાર થઈ

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ હજાર કેસ નોંધાયા, ૭૨૪ લોકોના મોત

ન્યુ દિલ્હી,તા.૧૨

ફરી એકવાર દેશમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો થઈને નવા સંક્રમણનો આંકડો ઘટીને ૪૦,૦૦૦ની અંદર પહોંચ્યો છે. ગઈકાલે કોરોનાના નવા ૪૧,૫૦૬ કેસ નોંધાયા હતા, જ્યારે ૮૯૫ દર્દીઓના મોત થયા હતા, જેમાં આજે નોંધાયેલા કેસમાં ઘટાડો નોંધાયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા કોરોના વાયરસના નવા કેસ મુજબ ૨૪ કલાકમાં વધુ ૩૭,૧૫૪ દર્દીઓનો પોઝિટિવ આવ્યા છે, ૨૪ કલાકમાં નોંધાયેલા મૃત્યુઆંક ઘટાડા સાથે ૭૨૪ પર પહોંચ્યા છે. વધુ ૩૯,૬૪૯ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે.

ભારતમાં વધુ ૩૭ હજાર કેસ સાથે કોરોનાના કુલ કેસની સંખ્યા ૩,૦૮,૭૪,૩૭૬ થઈ ગયો છે. બીજી તરફ સાજા થયેલા દર્દીઓની સંખ્યા પણ ૩ કરોડને પાર કરીને ૩,૦૦,૧૪,૭૧૩ થઈ ગઈ છે. વધુ ૭૨૪ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને ૪,૦૮,૭૬૪ પર પહોંચી ગયો છે.

કોરોનાના નવા કેસની સરખામણીમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા મોટી નોંધાવાના લીધે એક્ટિવ કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હાલમાં કોરોનાના નવા કેસ ધીમી ગતિએ ઘટતા હોવાથી એક્ટિવ કેસ પણ ધીમી ગતિએ ઘટી રહ્યા છે. હાલ દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૪,૫૦,૮૯૯ થઈ ગઈ છે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં ગઈકાલ સુધીમાં કુલ ૩૭,૭૩,૫૨,૫૦૧ ડોઝ આપવામાં આવ્યા છે, જ્યારે ૧૧ જુલાઈના દિવસે કુલ ૧૨,૩૫,૨૮૭ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૧ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૨૩,૧૭,૮૧૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે



ગઈકાલે વધુ ૧૪,૩૨,૩૪૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

## આજે વડાપ્રધાન પૂર્વોત્તર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોનાની સમીક્ષા કરશે

*ન્યુ દિલ્હી,તા.૧૨*

વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે (૧૩ જુલાઈ) સવારે ૧૧ વાગ્યે પૂર્વોત્તર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના વાયરસ અંગેની સમીક્ષા બેઠક કરશે. આ બેઠકમાં COVID-19 પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ સૂચિત બેઠક ઉત્તર કેન્દ્રીય રાજ્યોના ગૃહ વિભાગના અધિકારીઓ સાથે કેન્દ્રીય કેબિનેટ સચિવ રાજીવ ગૌબાની ચર્ચા બાદ કરવામાં આવી છે. ગયા અઠવાડિયે બુધવારે કેન્દ્રીય કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ ઉત્તર-પૂર્વ રાજ્યોના ગૃહ વિભાગના અધિકારીઓ સાથે કોરોનાના વધતા જતા કેસો અંગે ચર્ચા કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે કહ્યું કે હાલમાં ભારતમાં કોરોના વાયરસના લગભગ ૮૦ ટકા કેસો ૯૦ જિલ્લાઓમાંથી જોવા મળી રહ્યા છે અને તેમાંથી ૧૪ કેસ ઉત્તર પૂર્વના છે. તે જ સમયે, ગયા અઠવાડિયે યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન, જાણવા મળ્યું છે કે દેશના ૭૩ જિલ્લાઓમાંથી, પોઝિટિવિટી રેટ ૧૦% કરતા વધારે છે. આ ૭૩ જિલ્લાઓમાંથી ૪૬ જિલ્લાઓ પૂર્વોત્તર રાજ્યોના છે. આ કારણોસર, કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોમાં કોરોનાના કેસો અંગે ચિંતિત છે.

જુલાઈની શરૂઆતમાં કોવિડ -૧૯ ના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા સહિત છ રાજ્યોની પરિસ્થિતિનું આકલન કરવા માટે ટીમો મોકલી હતી.

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણએ તાજેતરના પત્રમાં કહ્યું છે કે અરુણાચલ પ્રદેશમાં કોરોના કેસોમાં વધારો ચિંતાનો વિષય છે. રાજ્યમાં સાપ્તાહિક પોઝિટિવિટી દર ૧૬.૨ ટકા છે. ૨૮ જૂનથી ૪ જુલાઈની વચ્ચે રાજ્યમાં પોઝિટિવિટી રેટમાં નોંધપાત્ર વધારો થયો છે. તે જ સમયે, અન્ય પૂર્વોત્તર રાજ્યો, જેમ કે આસામ, મણિપુર, મેઘાલય અને નાગાલેન્ડમાં પણ ઉચ્ચ પોઝિટિવિટી દર છે.

## સંસદનું ચોમાસુ સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી ચાલશેઃ ઓમ બિરલા

ન્યુ દિલ્હી,તા.૧૨

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે, મોટાભાગના સાંસદોએ ઓછામાં ઓછો કોરોના વેક્સીનનો એક ડોઝ લઈ લીધો છે. તેમણે કહ્યું કે, સંસદના ચોમાસું સત્ર દરમિયાન કોવિડ-૧૯ સંબંધિત તમામ નિયમોનું પાલન કરવામાં આવશે. ઓમ બિરલાએ સોમવારે સંસદના ચોમાસું સત્રની ઓફિશિયલ જાહેરાત કરતાં કહ્યું કે, ચોમાસું સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે. તેમાં ૧૯ બેઠક હશે. સૌથી વધુ બેઠક અત્યાર સુધી ૧૭મી લોકસભા દરમિયાન થઈ છે. લોકસભા સ્પીકરે કહ્યું કે, કોરોના સંક્રમણ દરમિયાન અમે ત્રણ સત્ર આયોજિત કર્યા, જેમાં સામાન્યથી વધુ સભ્ય ઉપસ્થિત રહ્યા. તેમણે જણાવ્યું કે, ૧૮ જુલાઈના રોજ ગૃહના ફ્લોર લીડરની બેઠક થશે. ઓમ બિરલાએ કહ્યું કે, સમિતિની ૩૮૦ બેઠક થઈ. કોટાથી સાંસદ બિરલાએ કહ્યું કે, આ સત્ર દરમિયાન પણ સુરક્ષાની દૃષ્ટિથી તમામ વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઓમ બિરલાએ જણાવ્યું કે, સંક્રમણ ઓછું થયું છે પરંતુ કોવિડ માપદંડનું પાલન કરીને બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. ઈંઝઇ ટેસ્ટની સુવિધા ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. તેમણે દાવો કર્યો કે ૩૧૧ સાંસદોએ કોરોના વેક્સીનનો બીજી ડોઝ લઈ લીધો છે. જ્યારે ૨૩ સભ્યોએ વિવિધ કારણથી વેક્સીન નથી લીધી.

તેમણે કહ્યું કે, લાઈબ્રેરીને ઓનલાઇન કરવામાં આવશે. સાથોસાથ રાજ્યની વિધાનસભા અને લોકસભાની લાઈબ્રેરીને એક કરવામાં આવશે અને રિસર્ચ વિંગ ૨૪ કલાક ચાલશે. બિરલાએ જાણકારી આપી કે અનેક સમિતિઓમાં સભ્યોના મંત્રી બનવાના કારણે ખાલી થઈ છે તેને ઝડપથી ભરવામાં આવશે. લોકસભા અધ્યક્ષે કહ્યું કે, સંસદનું લક્ષ્ય છે કે ૧૦૦ ટકા ઈ-નોટિસ હશે. સાથોસાથ પ્રશ્નોના જવાબ પણ ડિજિટલ હશે. એક એપ બનાવવામાં આવી રહી છે જેમાં લાઈવની સાથે પ્રશ્નોના ઉત્તર પણ રહેશે. મોન્સૂન સત્રમાં આ વખતે વિપક્ષ સરકારને અનેક મુદ્દે ઘેરવાનો પ્રયત્ન કરશે. હાલમાં જ ઉત્તર પ્રદેશમાં બ્લોક પ્રમુખ ચૂંટણીમાં થયેલ હંસા હોય કે રસીકણરી ધીમી ગતિ હોય કે પછી ત્રીજી લહેરને લઈને તૈયારીઓ હોય, આ તમામ મુદ્દા પર વિપક્ષ સરકાર પર નિશાન સાધવાનો પ્રયત્ન કરશે.

કૃષિ કાયદા રદ્દ કરવાની માગ પણ ફરી એક વખત સંસદમાં ઉઠી શકે છે. જ્યારે બીજી બાજુ સરકારનો પ્રયત્ન હશે કે કોઈપણ વિઘ્ન વગર વધુમાં વધુ સંસદનું કામકાજ થાય. તેન સાથે જ સરકારનો ટાર્ગેટ હશે તે વધુમાં વધુ બિલ સંસદમાંથી પાસ કરાવે.

### રજનીકાંતના રાજકારણને રામ-રામ, પાર્ટી મક્કલ મંદ્રમને પણ વિખેરી કાઢી

ચેન્નાઇ,તા.૧૨

સુપરસ્ટાર રજનીકાંતએ આખરે રાજનીતિમાંથી હંમેશની માટે વિદાય લેવાનો નિર્ણય બનાવી લીધો છે. સોમવારના રોજ તેઓએ આ અંગે જાહેરાત કરતા રજનીકાંતએ બનાવેલી પાર્ટી રજની મક્કલ મંદરમને પણ ભંગ કરી દીધી છે. આ મોકા પર રજનીકાંતએ જણાવ્યું કે, ‘ભવિષ્યમાં ફરીથી રાજનીતિમાં આવવાનો તેઓનો કોઇ જ પ્લાન નથી.’ રજનીકાંતએ વધુમાં એમ પણ જણાવ્યું કે, ‘બનાવવામાં આવેલું સંગઠન હવે ‘રજની રસીગર નરપાની મંદરામ’ ના નામથી જનતાની ભલાઇ માટે કામ કરશે.’

તમને જણાવી દઇએ કે, રજનીકાંતએ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ જાહેરાત કરી હતી કે તેઓ રાજનીતિમાં નહીં આવે. પરંતુ તાજેતરમાં જ તેઓએ જણાવ્યું હતું કે, તેઓ રાજનીતિમાં આવવા માટે ફરીથી ચર્ચા કરશે. પરંતુ હવે તેઓએ અંતિમ નિર્ણય લેતા રાજનીતિમાં એન્ટ્રી મારવાના અનુમાનો પર પૂર્ણવિરામ લગાવી દીધું છે. તમને જણાવી દઈએ કે, રજનીકાંતના ફરીથી રાજનીતિમાં આવવાની ચર્ચાએ તમિલનાડુની રાજનીતિમાં હલચલ મચાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૦ માં ખુદ રજનીકાંતએ જણાવ્યું હતું કે, ‘તેઓ જાન્યુઆરી ૨૦૨૧માં પાર્ટી લોન્ચ કરશે. આ બધું જ તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા થવાનું હતું. પરંતુ ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં તેઓએ યુ-ટર્ન લીધો અને કહ્યું હતું કે, ‘તેઓ રાજનીતિમાં સામેલ નહીં થાય.’ ત્યાર બાદ રજનીકાંતના સંગઠનના અનેક સભ્યોએ ડીએમકે સહિત અન્ય પાર્ટીઓને જોઈન કરી લીધી હતી.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાએ ભૂખમરો વધાર્યો: સરકારી સસ્તુ અનાજ લોકો સુંધી પહોચે છે કે કેમ.....?!

***કોરોનાકાળે વિશ્વભરમાં વિકટ પરિસ્થિતિ પેદા કરી દીધી છે અનેક દેશોમાં ભૂખમરાની સમસ્યા પેદા થઈ છે. તેમાં પણ ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વભરમાં મોટા પ્રમાણમાં વિવિધ સમસ્યાઓ પેદા થવા પામી છે. જેમાં રૂતુઓમા ફેરફાર થયો છે... હવામાનમા મોટો ફેરફાર થઈ ગયો છે,ગરમીનું પ્રમાણ વધી ગયું છે અને આ ગરમીને કારણે વિશ્વના કેટલા ઠંડા ગણાતા દેશોમા લોકોના મોતનો આંકડો વધી જવા પામ્યો છે. તો કૃષિ ઉત્પાદનો પર મોટી અસર થવા પામી છે.આ કારણે ગ્રામ્ય વિસ્તારના અનેક ઉત્પાદનો શહેર સુધી પહોંચ્યા નથી. ઇન્ટરનેશનલ રાઇટ્સ ગુપ ઓક્સફેમના અહેવાલમાં ચોંકાવનારી બાબત સામે આવી છે કે વિશ્વભરમા ભૂખમરાનો સામનો કરનારા લોકોની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં છ ગણો વધારો થયો છે. કોવિડ કરતાં વધુ મોત ભૂખમરાને કારણે થઈ રહ્યા હોવાનું પણ જણાવ્યું છે. થોડા સમય પહેલા યુએન ના અહેવાલમાં સ્પષ્ટ જણાવેલ કે કોરોના મહામારીને કારણે વિશ્વમાં ભૂખમરાની ખૂબ જ ચિંતાજનક સ્થિતિ છે. ખોરાક ન મળવાને કારણે દર મહિને દસ હજાર ઉપરાંત બાળકોના મૃત્યુ થઈ રહ્યા છે તે સાથે ગરીબ દેશોની હાલત દિન બ દિન વધુ ખરાબ થતી જઈ રહી છે. અહેવાલમાં જણાવ્યું છે કે કોરોના મહામારીને કારણે ભોજન સપ્લાય કરવાની ઊણપ પેદા થઈ છે જેની અસર વધુ પ્રમાણમાં બાળકો ઉપર થઈ શકે છે તથા વર્ષે દહાડે એક લાખથી વધુ બાળકોના મોત થઈ શકે છે. જ્યારે કે વિશ્વ આરોગ્ય સંસ્થાના કહેવા અનુસાર કોરોના મહામારીના સંકટની મોટી અસર ખાદ્ય સુરક્ષા પર થી છે અને તે વર્ષો સુધી દેખાવાની છે.....!***

***વિશ્વમાં કોરોના મહામારીને કારણે વિકસિત દેશોની અર્થવ્યવસ્થા ડગમગી ગઈ છે. તો વિકાસશીલ દેશોની હાલત શું હશે તેની તો કલ્પના જ કરવી રહી..... યુએન ના એક અહેવાલ અનુસાર આ વર્ષે ૧૩ કરોડ લોકો ભૂખમરામાં ધકેલાઈ જવાની શક્યતા છે. વિશ્વની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક્ હોવા છતાં ભારતમાં ભૂખમરો મોટી સમસ્યા છે. સરકારના વિવિધ વિકાસના દાવાઓ છતાં ભૂખમરો સતત વધી રહ્યો છે. તે સાથે ગ્લોબલ હંગર ઇન્ડેક્સ ૨૦૨૦ ના વર્ષમાં ભારત ૧૦૭ દેશની યાદીમાં ૯૪ માં ક્રમાંકે છે જે ભૂખની ગંભીર શ્રેણીમાં હોવાનું બતાવે છે. ભારતની વધારે વસ્તી છે જે કારણે દક્ષિણ એશિયાના બીજા દેશો કરતા પરિસ્થિતિ વધુ ખરાબ છે. વિશ્વભરમિ જે તે દેશની સરકારો અને સંસ્થાઓનુ ધ્યાન કોરોના મહામારી સામે લડવામાં કેન્દ્રિત થઈ ગયું છે તે કારણે ભૂખમરો અટકાવવાના અભિયાનો કે આયોજનો અટકી ગયા છે.યુએન ના અહેવાલમાં ભૂખમરાના કારણોમા યુદ્ધ, સંઘર્ષ, હિંસા, ક્લાયમેન્ટ ચેઈન્જ, કુદરતી આફતો, વગેરે નો સમાવેશ થતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ત્યારે સવાલ એ છે કે ભારતમાં આમાંના ક્યા પરિબળોને કારણે ભૂખમરો વધારે છે કારણ ભારતમાં સંઘર્ષ અને હિંસા જેવા પરિબળો નહીંવત્ છે.... જોકે એ પણ અહેવાલમાં દર્શાવેલ છે કે કુપોષણની બાબતે ભારતની મહિલાઓની હાલત વધુ ખરાબ છે. યુવા વયની મહિલાઓ એનેમિયાથી પીડાય છે મતલબ લોહીની ઊણપથી.....જેના કારણે આવી મહિલાના બાળકો ભોગ બને છે..... ભારત સરકારની ગરીબોને અનાજ સહિતના લાભો મળી રહે તે માટે અનેક યોજનાઓ અમલમાં છે. પરંતુ તંત્રની લાપરવાહીના કારણે કે અમલદારોની નીતિને કારણે સરકારની યોજનાઓનો લાભ જરૂરતમંદો સુધી પહોંચતો નથી. ઉપરાંત મોંઘવારી વગેરેને કારણે ઓછી આવક વાળા લોકો બેબસ બની રહ્યા છે. તો ગરીબો માટે નો સસ્તા અનાજનો અડધો હિસ્સો જરૂરતમંદો કે લોકો સુધી પહોંચતો નથી અને બારોબાર વેચાઈ જાય છે......!***

## કર્મ - ભાગ્ય બોધ કથા

મુકેશ અંબાણી આજે સવારે એન્ટિલિયા બંગલામાં આરસના જમવાના ટેબલ પર બેઠા હતા. સામે સિલ્વર પ્લેટમાં,મીંઢા વગરનું,મરચાં વગરનું,મસાલા વગરનું, ભીંડા નું શાક અને તેલ વગર ની રોટલી હતી, મીનરલ વોટર ગરમ કરેલું હતું,.

૭,૦૦૦ કરોડનું ઘર, દસ નોકરો નાસ્તો પીરસી રહ્યા હતા, એસી ચાલુ હતો, ઢંડી હવા આપી રહ્યો હતો.

ઈમારતોની નીચે પ્રદૂષણનો ધુમાડો વહી રહ્યો હતો.

અંબાણી આવા વાતાવરણમાં નાસ્તો કરી રહ્યા હતા .......

અહીં એક ખેતમજૂર ખેતરમાં ખૂબ જ ઘટાદાર ઝાડ ની નીચે બેઠો હતો. તેણે મસાલેદાર ભીંડા નું શાક, તેલવાળી રોટલી, સાથે ડુંગળી અને અને લીલાં વઘારેલા મરચાં. અને પીવા માટે વાસણમાં ઠંડુ પાણી હતું.

સામે લીલા ખેતરો, પવન લહેરાતા પાક, ઠંડી પવન, પક્ષીઓ નો કલરવ સંભળાતો હતો.

અને તે આરામથી સવારનો નાસ્તો કરી રહ્યો હતો.

૨૦૦ રૂપિયા કમાતો એક ખેતમજૂર ૭ અબજ કરોડ રૂપિયાનો માલિક જે ખાતો હતો તે ખાતો હતો.

પણ સ્વાદિષ્ટ ખાવાનું હતું

હવે મને કહો, બંને વચ્ચે શું ફરક હતો?

અંબાણી પચાસ વર્ષ નો હતો અને મજૂર પણ પચાસ વર્ષનો હતો.

સવારના નાસ્તા પછી, અંબાણી બી.પી., ડાયાબિટીઝની ગોળી લઈ રહ્યા હતા, અને એક ખેતમજૂર ચૂના જોડે પાન ખાઈ રહ્યો હતો.

કોઈ પણ ગૌણ નથી, કોઈ મહાન નથી.

તેથી સુખ ન જુઓ
સુખ બનાવો કારણ કે
આનંદ ઉત્પાદન પર જીએસટી ૦% છે
તમારી જાતને શોધો ખુશ રહો .ખુશ રાખો .
નો મંત્ર જીવન જીવવા જેવું બનાવશે

### કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે

# નારદીપુર ગામના તળાવના નવીનીકરણ કામનું ખાતમુહૂર્ત અને વિવિધ ગામ – નગરપાલિકાના ૨૫ કરોડથી વધુના વિકાસ કામોનું ઇ- લોકાર્પણ- ખાતમુહૂર્ત કરાયું

## નાગરિકોને લાંબું આયુષ ધરાવતા વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરી ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાનું આહ્વાન કર્યું






ગાંધીનગર : સોમવારઃ

વિકાસ સાથે સાથે વૃક્ષોનું જતન કરવું ખૂબ જ જરૂરી છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકોને લાંબુ આયુષ ધરાવતાં વૃક્ષોનું વાવેતર કરી, તેનું જતન કરી, ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાનું આહ્વાન, આજરોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામ ખાતે જિલ્લાના રૂપિયા ૨૫ કરોડથી વધુના વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું.

જયાં જયાં ભગવાન જગન્નનાથનું મંદિર હશે, ત્યાં અન્નક્ષેત્ર સદા ચાલુ હશે, આજે મને અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાન જગન્નાથની મંગળા આરતી કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે વાતનો આનંદ વ્યક્ત કરી, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, ત્યારબાદ મને પશુ-પક્ષી સહિત કોઇ માનવી ભુખ્યો ન સૂવે તેવી આપણી સંસ્કૃતિ – પરંપરાને આજે પણ જીવંત રાખનાર નારદીપુર ગામમાં મને આવવાનું થયું છે. તેનો મને હરખ છે, તેવું કહી ગામ સાથે જોડાયેલી પોતાની જુની યાદોને તેમણે તાજી કરી હતી.

રૂપિયા ૧ કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ થનાર નારદીપુર ગામના તળાવનું ખાતમુહૂર્ત કરી, ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી ખબર અંતર પૂછનાર કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, મને આનંદ છે કેગામના તમામ નાગરિકોએ એક કે બે ડોઝ કોરોનાની રસીના લીધા છે. તેમણે ગાંધીનગર લોકસભા વિસ્તારને કોરોના મુક્ત બનાવવા માટે રસીકરણની ઝુંબેશને વધુ સઘન બનાવવા અને લોકોમાં વ્યાપેલી કોરોનાની રસી અંગેની અંધશ્રદ્ધા ને દૂર કરવા ગામના અગ્રણીઓ અને જાગૃત નાગરિકોને અપીલ કરી હતી.

હું સમગ્ર દેશના વિવિધ પ્રાંતમાં ફર્યો છું, પણ ત્યાં કરતા ગુજરાત રાજયમાં વિકાસ વધુ થયો છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ- ૨૦૨૪ સુધીમાં ગાંધીનગર સંસદીય વિસ્તારમાં આવતો ગામોનો કેવો વિકાસ કરવો તેનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સરકારની એક પણ યોજનાના લાભ વગર કોઇ લાભાર્થી બાકી ન રહી જાય તે કાર્યને વધુ વેગવંતુ બનાવવા માટે સર્વે અગ્રણીઓને

ભારપૂર્વક જણાવ્યું હતું. આજે ગાંધીનગરના તમામ ઘરમાં શૌચાલય છે, ઉજ્જવલા યોજના અંતર્ગત એક વર્ષમાં એકપણ ઘર ગેસ કનેકશન વિનાનું નહી હોય તેવો દ્રઢ આત્મવિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. નલ સે જલ યોજના અંતર્ગત જેમ દરેક ઘરને નળથી પાણી, વીજળી મળે છે, તેમ એક પણ ઘરનો સભ્ય કોરોનાની રસી વગર બાકી ન રહે તે માટે તમામ ગામના સરપંચ, મોભી અને અગ્રણીઓને અપીલ કરી હતી.

નારદીપુર ગામમાં કોઇ જન ભુખ્યો ન સૂવે તેવી ભાવના છે, તેવું કહી તેમણે કહ્યું હતું કે, દેશમાં છેલ્લા દોઢ વર્ષમાં કોરોનાનો કપરો કાળ ચાલી રહ્યો છે, ત્યારે આગામી દિવાળી સુધી દેશના ૮૦ કરોડ નાગરિકોને મફત અનાજ આપવાની દેશના વડાપ્રધાનશ્રીએ વ્યવસ્થા કરી છે. આ અનાજસાચા લાભાર્થીને મળે તેમજ કોરોનાની રસી લેવામાં કોઇ તકલીફ પડે તો તે અંગેની જાણ પોતાના સંસદીય મત વિસ્તારના કોઈપણ નાગરિકે સંપર્ક નંબર – ૭૩૮૩૪ ૭૩૮૩૪ પર ફોન કરવા પણ જણાવ્યું હતું.

કોરોના કાળમાં અનેક પરિવારે પોતાના સ્વજન ગુમાવ્યા છે, તેનું દુઃખ વ્યક્ત કરીને કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોના કપરા કાળમાં ૧૦ ગણો ઓક્સિજન દરેક જગ્યાએ પહોંચે તેવી સુચારું વ્યવસ્થા કરી હતી.

તેમણે નારદીપુર ખાતે નવીનીકરણ થનાર તળાવ કેવું હશે, તેની ઝલક રજૂ કરી કહ્યું હતું કે, ગામનું તળાવ નારદીપુર ગામનું ધબકતું હદય બનાવવું જોઈએ. આ જવાબદારી આપણા સૌની છે. ગાંધીનગર સંસદીય વિસ્તારના તમામ ગામનો વિકાસ કરવામાં આવશે, તેવું આત્મવિશ્વાસ સાથે જણાવી તેમણે કહ્યું હતું કે, હું પાંચ વર્ષ પછી મત માંગવા આવીશ, ત્યારે કરેલા કામોનો પાકો હિસાબ લઇ આવીશ.

અષાઢી બીજના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ રાજય ગૃહ મંત્રી શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી થયા બાદ પણ અમિતભાઇ શાહે પોતાના મત વિસ્તારના નાગરિકોની ચિંતા કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહની જોડી, દેશમાં આમૂલ પરિવર્તન લાવવાની દિશામાં નક્કર આયોજન સાથે આગળ જઇ રહ્યા છે. તેમણે પોતાના સંસદીય મત વિસ્તારને હરિયાળી લોકસભા વિસ્તાર બનાવવાનું અનોખું અભિયાન શરૂ કર્યું છે.

જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને નારદીપુર ગામની રસપ્રદ વાતો કહી આજે લોકાર્પિત થનાર વિકાસ કામોની ઝલક રજૂ કરી હતી. જે અનુસાર ગાંધીનગર તાલુકામાં રૂપિયા ૨૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલા ૬ કામોનું ઇ- લોકાર્પણ અને રૂપિયા ૧૦ લાખથી વધુના ખર્ચે થનાર ૪ વિકાસ કામોનું ઇ- ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કલોલ નગરપાલિકા વિસ્તારમાં રૂપિયા ૧૫ કરોડના ખર્ચે થનાર ૪ વિવિધ વિકાસ કામોનું ઇ- ખાતમુહૂર્ત અને ૫ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવેલા ૩ વિકાસ કામોનું ઇ- લોકાર્પણ કરવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવેલા બે વિકાસ પથનું પણ ઇ- લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ગામના તળાવનું ખાતમુહૂર્ત કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે તળાવના કિનારે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમણે તળાવના નવીનીકરણમાં શું શું કરવામાં આવશે, તેની વિગતો મેળવી હતી. તેમજ તળાવથી મુખ્ય કાર્યક્રમ સુધી ચાલતા ચાલતા આવી ગ્રામજનોનું અભિવાદન ઝીલ્યું હતું. તેમણે ગામના વડીલોતથાયુવાનો સાથે વાતચીત કરી હતી. કોરોનાની રસી તેઓએ લીધી કે નહિ, તેની માહિતી પણ મેળવી હતી.

કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, કલોલ નગરપાલિકાના પ્રમુખ શ્રી ઉર્વશીબેન પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ,કલોલ એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી નવીનભાઇ પટેલ, નારદીપુર ગામના સરપંચ શ્રી ચંદ્રિકાબેન પટેલ સહિત ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપના રાજમાં "રથયાત્રા કે પોલીસ યાત્રા"?



કહેવાતા ભાજપ ના હિન્દુ શાશન માં અકારણ કોરોના ના બહાના હેઠળ રથયાત્રા ને પોલીસ યાત્રા નું રૂપ આપી ભગવાન ને પણ નગર યાત્રાએ નીકળવામાં શાશક સરકારે પોતાના સ્વાર્થ ખાતર અંકુશ કર્યા..ભાજપ ના નેતાઓ સરકારી ખભે વાર તહેવાર પરિવાર સાથે મંદિરો માં અભેખ સુરક્ષા માં દર્શન.પૂજા.અર્ચના કરીને પોતાના શાશન ની જોહુકમી બતાવી રહ્યા છે.કોઈ આતંકવાદી ધમકીઓ નથી કે કોઈ તોફાન થાય તેવી પરિસ્થિતિ ના હોવા છતાં એક માત્ર સોશિયલ ડીસટન્ટ નું બહાનું બતાવી કારણ વિના સલામતી ના બહાના હેઠળ રથયાત્રા ના રૂટ ઉપર કરફ્યુ મૂકી ને લોકશાહી ની ધજ્જીયા ઉડાવી પ્રજાના હક ઉપર ભગવી તરફ સરકારે મારી છે.આજે ગજરાજ વિનાની રથયાત્રા માત્ર પોલીસ બળ પ્રદર્શન જનતાને બતાવવા આ રથયાત્રા નીકળી હતી..અમિત શાહ,વિજય રૂપાણી,નીતિન પટેલ,પ્રદીપસિંહ જાડેજા અને અન્ય સ્થાનિક નેતાઓ જગન્નાથ મંદિર ને જાણે અભેખ સુરક્ષા માં લપેટીને ભગવી દાદાગીરી થી ધર્મ ઉપર કબજો જમાવી દીધો હોય તેવા દ્રશ્યો ચાર પાંચ દિવસ થી જોવા મળ્યા..પ્રોટોકોલ ના બહાને પ્રજાના આસ્થા ઉપર તરાફ મારવામાં આવી અને જનતા દર્શન કરી ના શકી કે પ્રસાદ ઘર આંગણે લઈ ના શકી.હાલમાં ગુજરાત ના સ ા ે મ ન ા થ ા ,દ્વારકા,અંબાજી,ડાકોર,શામળાજી,જગન્નાથ મંદિર,ભદ્રકાળી,પાવાગઢ .જેવા ધર્મ સ્થાનો માં રાજકીય બલ અને શાશન ના ખભે પ્રજાની આસ્થા સાથે ચેડા કરી કોરોના ના મોટા બહાના હેઠળ લોકો પૂજા અર્ચના કરી શકતા નથી અને રાજકીય નેતાઓ નો મેળાવડો આજકાલ ધર્મ સ્થાનો માં જોવા મળી રહ્યો છે..આજે રથયાત્રા નું રૂપ જોઈ વર્ષો ની પરંપરા ઉપર કહેવાતી હિન્દુ સરકાર ભાજપે લોકો ની આસ્થા ઉપર પાણી ફેરવી દઈને પાપ કર્યા ની ચર્ચા સાંભળવા મળી છે.. જે રથયાત્રા ને પહેલા ના વર્ષો માં પ્રજાએ જોઈ છે હવે તે ભાજપ શાશન માં સ્વપ્ન બની ગયું.ક્યાંય જનતા રથયાત્રા ના રુટ ઉપર પોતાના ઘરો, પોળો માં કેદ થયેલી જોવા મળી.લોકો નો આનંદ ઉત્સાહ છીનવાઈ ગયો અને નેતાઓ પ્રસિદ્ધિ કરવા જગન્નાથ મંદિર ની રથયાત્રા વિધિ માં એક પણ પળ ચૂક્યા નહિ અને તમામ લાભ સ્વ સ્વાર્થે લીધા..જનતાને પારાવાર દુઃખ પહોંચી રહ્યું છે જ્યારે કેન્દ્ર માં અને રાજ્ય માં ભાજપ હોય અને ધાર્મિક તહેવારો માં સુરક્ષા હેઠળ તહેવાર સારી રીતે પ્રજા મનાવી શકે તેવી સુરક્ષા કરવાને બદલે બહાના બતાવી લોકો ને વાર તહેવારે ઘરે બેસવાના વાર આવ્યા..લોક મુખે શાશન પ્રણાલી ને ધિક્કારતા આજે જોવા મળ્યા..જ્યારે અમિત શાહ એક દિવસ માં પાંચ પાંચ જગ્યાએ રીબીન કાપવામાં અને તખતીઓ માં નામ આવે તેવા આયોજન ગાંધીનગર જિલ્લા માં જોવા મળ્યા..તેમના અંધ ભક્તો જાણે જેલના સળિયા પાછળ થી ભીખ માંગતા હોય તેવા હાથ જોડી ખેસ ગળા માં લટકાવી ઠેર ઠેર ઊભા રહેલા જોવા મળ્યા..ક્યાંય કોરોના હોય તેવું રાજકીય કાર્યક્રમ માં લાગ્યું નહી કે કોઈ ગાઈડ લાઈન પણ સચવાઈ નહિ સિવાય રથયાત્રા સમાન પોલીસ યાત્રામાં......એક હિ આગ..× જન ફરિયાદ × સદાય સત્ય ના પડખે..

# સૌરાષ્ટ્રથી ઉત્તર ભારત તરફ જતી અને આવતી ટ્રેન હવે કાલુપુર નહીં ચાંદલોડિયા ઉભી રહેશે

અમદાવાદ,તા.૧૨

પશ્ચિમ રેલ્વેએ કાલુપુર રેલ્વે સ્ટેશન પરનું ભારણ ઓછું કરવાના પ્લાન અંતર્ગત ઉત્તર ભારતથી સૌરાષ્ટ્રમાં આવતી ટ્રેનોના એન્જિન બદલવા માટેના સ્ટોપ તરીકે ચાંદલોડિયા-બી સ્ટેશન વિકસાવ્યું છે. પહેલા આ ટ્રેનો સામાન્ય રીતે સાબરમતી અથવા કાલુપુર સ્ટેશનો પર જતી હતી. ચાંદલોડિયા-બી સ્ટેશન રુ.૪.૫ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે અને હાલમાં સ્ટેશનમાં મુસાફરો માટે તમામ સુવિધાઓ સાથે એક પ્લેટફોર્મ રહેશે. રેલ્વે અધિકારીઓએ જણાવ્યું હતું કે આ નવી વ્યવસ્થા કચ્છ-સૌરાષ્ટ્રથી ઉત્તર ભારત માટે મુસાફરી કરતા મુસાફરોનો સમય બચાવશે.

અધિકારીઓએ જણાવ્યું કે, સુરેન્દ્રનગરથી રાજકોટ આવતી ટ્રેનો આંબલી થઈને ચાંદલોડિયા-બી સ્ટેશન પહોંચશે. આંબલીથી આ અંતર ૬ કિલોમીટરનું રહેશે, અને ચાંદલોડિયા-બીથી આ ટ્રેનો ખોડિયાર સ્ટેશન તરફ જશે અને ત્યારબાદ ગાંધીનગર થઈને સીધી કલોલ જશે. આ નવી યોજનાથી ટ્રેનના મુસાફરોનો કાલુપુર સ્ટેશન સુધી જવા માટેની ઓછામાં ઓછી એક કલાકની મુસાફરી અને સ્ટેશન પર ૩૦ મિનિટ સુધીની રાહ જોવાનો સમય બચશે, અને રેલવેનું વધારાનું બળતણ પણ બચશે. હાલમાં, આ ટ્રેનો કાલુપુર જાય છે કારણ કે સાબરમતીમાં એન્જિન બદલવાની સુવિધા નથી, જે પ્લેટફોર્મ વચ્ચે વધારાની લાઈનની જરૂરીયાત માગે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જે મુસાફરો સૌરાષ્ટ્રથી દિલ્હી જતી ટ્રેનોમાં ચઢવા માંગતા હોય તેઓ ચાંદલોડિયા-બી સ્ટેશનથી ચઢી શકશે અને અમદાવાદ ઉતરવા માગતો હોય તેઓ ચાંદલોડિયા ઉતરી શકશે માટે ટ્રેનનો સ્ટોર પણ આપવામાં આવશે. જો સૌરાષ્ટ્રથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોની સંખ્યામાં વધારો થશે તો સ્ટેશનને વધુ વિસ્તૃત કરવામાં આવશે, એમ કહીને અધિકારીએ ઉમેર્યું હતું કે, રેલવેએ ભવિષ્યમાં વૈકલ્પિક રૂપે ઉપયોગ માટે આંબલી સ્ટેશનનું નવીનીકરણ પણ કરાવ્યું છે.

# ગાંધીનગરમાં પોણા ત્રણ કિલોમીટરની અંદર ભગવાન જગન્નાથજીની યાત્રા પૂર્ણ કરી દેવાઈ

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા છેલ્લી ઘડીએ શરતોને આધીનમંજૂરી આપવામાં આવી હતી. પોણા ત્રણ કિલોમીટરની અંદર ભગવાન જગન્નાથજીની યાત્રા પૂર્ણ કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા તથા ભાઈ બલરામજીની નગરચર્યા રથયાત્રા સવારે ૭.૦૦ કલાકે જગન્નાથજીની આરતી કર્યાબાદ નિકળી હતી. આરતી સમયે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટ્યા હતા.

રથયાત્રા પંચદેવ મંદિર સેકટર-૨૨થી નીકળી સેકટર ૧૭/૨૨ જૈન દેરાસર મંદિરથી જમણી બાજુ તરફ આગળ થઈ જૈન દેરાસરથી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ તરફ આગળ વધી હતી. ભગવાનનો રથ આયુર્વેદિક હોસ્પિટલ તરફ થઈ ટ્રાફિક પોલીસ સ્ટેશન તરફ થઈ આગળ ઢોરના ડબ્બા તરફ આગળ વધી ઢોરના ડબ્બાથી સેક્ટર ૨૯ તરફ આગળ વધી ચ-૬ સર્કલ વાળા રોડ તરફ આગળ વધ્યાં હતા. ચ-૬ તરફથી જમણી બાજુ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર રથનું રોકાણ કરાવવામાં આવ્યું હતું . જ્યાં ભગવાનની આરતી પૂજન કર્યા બાદ રથ ચ રોડ તરફ આગળ વધ્યાં હતાં. ચ રોડ તરફ રથ આગળ વધી સેકટર ૨૨ તરફ નિજ મંદિર શ્રી પંચદેવ મંદિરમાં પરત ફરી હતી.

# અરવલ્લી: પરસેવાની કમાણીથી બાઈક ખરીદી ખેત મજુર પરીવાર મંદિરમાં દર્શન કરવા ગયોને બાઈક ચોરાઈ જતા પરીવાર આઘાતમા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં બાઈક ચોરીની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે વાહનચાલકો પાસેથી પોલીસ અરજી લઈ સંતોષ માનતી હોવાનો ભોગ બનેલા લોકો અહેસાસ અનુભવી રહ્યા છે મેઘરજના કંટાળું ગામના ખેત મજુરે પાઇ પાઇ ભેગી કરી અમદાવાદ થી જૂની બાઈક ખરીદી કર્યા પછી સીધા ગામના જાણીતા મંદિર કંટાળું હનુમાન મંદીરે પરીવાર સાથે દર્શન કરવા ગયા હતા મંદીર આગળ પાર્ક કરેલી બાઈક ગણતરીની મિનિટોમાં ચોરાઈ જતા પરીવાર બેબાકળો બન્યો હતો ઈસરી પોલીસ સ્ટેશને બાઈક ચોરીની ફરિયાદ નોંધાવવા જતા પોલીસે અરજી લઈ બાઈક ચોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ સ્ટેશન આવતી કેટલીક અરજીઓ કચરા પેટીમાં ઠલવાતી હોવાથી બાઈક ખેત મજુરને પાછી મળશે કે નહીં તે જોવું રહ્યું

મેઘરજના કંટાળું ગામના શૈલેષભાઈ મરતાભાઈ ડામોર ખેત મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવે છે બે દીવસ અગાઉ અમદાવાદથી સેકન્ડમાં બાઈક ખરીદતા પરિવારમાં ઉત્સવ જેવો માહોલ હતો બાઈક ખરીદી કરી પરીવાર સાથે ગામના પ્રસિદ્ધ મંદિર કંટાળું હનુમાન દાદાના દર્શન કરવા પહોંચ્યા હતા મંદીર બહાર પાર્ક કરેલી બાઈક ચોરાઈ જતા દર્શન કરી પરત આવેલ પરીવારને બાઈક જોવા ન મળતા આજુબાજુ તપાસ કરતા મંદીર બહાર બેઠેલ એક મહિલાએ બે શખ્સો બાઈકને થોડે દૂર સુધી લઇ જઈ બાઈક ચાલુ કરી જતા રહ્યા હોવાનું જણાવતા ખેત મજુર પરીવાર પર આભ તૂટી પડ્યું હોય તેવી સ્થીતીનું નિર્માણ થયું હતું બાઈક ચોરાયા પછી કોઈ ગુન્હાને અંજામ આપવામાં બાઈકનો ઉપયોગ થવાનો ભય ખેડૂત પરીવારની ચીતાનું કારણ બન્યો છે

કંટાળું હનુમાન દાદાના મંદીર આગળથી બાઈક ચોરાતાં તાબડતોડ ઈસરી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને બાઈક ચોરીની ફરિયાદ નોંધાવવા તજવીજ હાથધરતાં પોલીસે અરજી લઈ તપાસ કરી ફરિયાદ નોંધવાની હૈયાધારણા આપી હોવાનું તેમના પરીચિત યુવકની જણાવ્યું હતું




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય, રચના
વિષય : " કથની - કરણી "' " સુખ : દુઃખ "
rð»kÞf..h[™kyku rËð, - 1

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

**NOG SS No : 0079**
વિષય : કથની કરણી
શીર્ષક : મહોરું
પ્રકાર : ગદ્ય

કથની શું ને કરણી શું , એ વાત સમજવી ભારે. આવી વ્યક્તિ જ્યારે
જીવનમાં ભેટે ત્યારે હલચલ મચાવે એમાં બે મત નહી.
આવી મહોરા પહેરેલી વ્યક્તિથી ભગવાન જ બચાવી શકે. તેમને સમજવાનો વ્યર્થ પ્રયત્ન કરવો હિતાવહ નથી.
માણસ કહે કાંઈ અને કરે કાંઈ. બાળકને શિખવાડીએ ખોટું નહી બોલવાનું . અણગમતાનો ફોન આવે તો બાળકને કહે , મા ઘરમાં નથી . એમ કહી દે. બાળક મા સામે ટગર ટગર જોયા કરે .
આ તો સામાન્ય વાત થઈ . પરિવારમાં , મિત્રતામાં જ્યારે આવા અનુભવ થાય ત્યારે માયાના આવરણ ખંખેરાતા જાય.
કરણી અને કથનીમાં સામ્ય રાખનારને મોહરા પહેરવાની આવશ્યકતા નથી જણાતી.
સહુના ગમતા થવા માટે , માણસ ચાલતી ગાડીનો મુસાફર બની જાય છે. અંતરનો અવાજ સાંભળવાનું પસંદ કરતો નથી.
ભલે લાખ અવરોધ નડે. સમાજ તમને ન આવકારે. કરણી અને કથની સમાન રાખવાનો પ્રયત્ન ત્યજવો નહી. સ્વની સાથે પરમ શાંતિનો અહેસાસ થશે.
મુખ પર ચિંતાની વાદળી નહી જણાય. આનંદ અને ઉમંગ જણાશે.

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન.અમેરિકા

---

**NOG SS No : 0077**
વિભાગ:ગદ્ય,લેખ
શબ્દ સંખ્યા:૩૫૦
વિષય:કથની અને કરણી
શીર્ષક:હાથીનાં દાંત

જીવનમાં કહેવું અને કરવું એમાં આસમાન-જમીનનો ફેર છે.મોટી મોટી વાતો કરનાર , વચનો આપનાર અને સાથે સાથે જીવવા -મરવાનાં કોલ આપનાર ક્યારેય એમનું બોલેલું પાળતા નથી.
અરે ,બોલીને તરત જ ફેરવી તોળવું એમનાં લોહીમાં હોય છે.
અભી બોલા અભી ફોક...! એ કહેવત અમસ્તી થોડી પડી હશે ?
કશું પણ કરવા માટે કહેવાની જરૂર નથી પડતી,પછી એ દાન હોય કે સેવા હોય .
ઘણાંય એવાં લોકો મેં જોયા છે કે પોતે ગુપ્ત દાન કરે ,એનો લાગતાં વળગતાં સામે ઢંઢેરો પીટે અને પાછાં એમ કહે કે ,"જોજો..વાત બહાર જાય નહીં..!"
બોલો, આવા લોકોની કરણી અને કથનીને તમે શું કહો? જવાબ છે ,નર્યો દંભ.
કામ કહીને કરવાવાળા તો ચોક્કસ રાજકારણી બની શકે !
એમાં એમની ગજબની ફાવટ હોય છે. કોરોનાકાળમાં ઘણાંય લોકોને જોયાં કે જેમણે દિવસ-રાત કાર્યરત રહી અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ લોકોને રાહતની સામગ્રી પહોંચાડી, આર્થિક સહાય આપી, દવાનો ખર્ચો સહજતાથી ગુપ્ત રીતે ઉપાડી લીધો.
આવા લોકો ભૂગર્ભમાં રહી ,લો પ્રોફાઇલથી અને શાંતિપૂર્ણ કામ કરે છે.એમનાં કામોની સોશિયલ મિડિયા પર એકપણ પોસ્ટ જોવા મળતી નથી.કામ કરીને, એનો ઢોલ પીટવો એમની તાસીરમાં જ હોતું નથી.
બાકી આપણે જોયું હતું કે કોરોનાનાં બીજા વેવમાં ઢગલાબંધ લોકો અનાજ કરિયાણાંની કિટ, દવાઓનાં દાન કરતાં કે હોસ્પિટલમાં ભોજન પહોંચાડતાં ફોટોગ્રાફ્સ ન્યુઝ પેપરમાં કે સોશિયલ મિડિયા પર પોસ્ટ કરી વાહવાહ લૂંટતા હતાં.પછી એ ધાર્મિક સંસ્થાઓ હોય, મોટા ધર્મગુરુઓ હોય કે મોટિવેટર સ્પીકર્સ હોય...!
ધર્મગુરુઓ અને મોટિવેટર સ્પીકર્સ પોતે જે ઉપદેશ આપે તેને ક્યારેય અનુસરતાં નથી. ત્યાગ,લોભ, લાલચ,ક્રોધ,ઈર્ષા અને મોહ આ બધાંથી દૂર રહેવા આપણને સમજાવશે - ઉપદેશો આપશે ,પણ પોતાનાં પર એનું અનુસરણ ભાગ્યે જ કરે.
મોંઘીદાટ લક્ઝુરીયસ કાર,એ.સી વાળા વૈભવી આશ્રમોમાં ત્યાગની કથની સાંભળવી ક્ષુલ્લક લાગે..!
મોટિવેટર સ્પીકર્સ સામાન્ય રીતે લોકો આગળ દ્રઢતા અને મજબૂત મનોબળની વાતો કરે, છતાંય હાલમાં જ એક ખ્યાતનામ મોટિવેટર સ્પીકર પોતે હતાશાનો ભોગ બન્યાં. કહેવાનું તાત્પર્ય એ છે કે કહેવું અને કરવું એ બેય વાત સાવ અલગ બાબત છે.
દાંત દેખાડવાનાં અને ચાવવાનાં અલગ હોય છે. ટૂંકમાં હાથીનાં દાંતની ઉપમા બંધબેસતી લાગે. કથની અને કરણી એ બેમાં બહુ મોટી ખાઈ છે. કથની અને કરણી એક સરખી હોય એવાં લોકો હાલનાં સમયમાં જૂજ અને જવલ્લેજ જોવા મળે છે.એને માટે બેબાક અને બાહોશ હોવું એ સૌથી પહેલી શરત છે.

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

**NOG. સાહિત્ય સરિતા**
**NOG SS No. - 0063**
વિષય - કરણી-કથની
વિભાગ - ગદ્ય
પ્રકાર - ટૂંકી વાર્તા
શીર્ષક - 'ચાચા'

નાનપણથી વારેતહેવારે ચોકલેટ, બિસ્કિટ લેવા ચાચાની દુકાને જતાં સૌરભને દરવાજા બહાર ટેબલ ઉપર પડેલી, 'સખાવત' માટેની કાણાંવાળી પેટી જોઈ કુતુહલ થતું. અતિ મધ્યમવર્ગીય બાળકને મનમાં વિચાર આવતો, ખરેખર કોઈ પાસે એવાં પૈસા પણ હોય જે આમ દાન કરી શકે. ક્યારેક થતું, અહીં આખો દિવસ બેસીને જોવ કે, કોણ એમાં પૈસા નાખે છે? વળી,સમયાંતરે ચાચા કહેતાં પણ, આ વખતે તો અઠવાડિયામાં પેટી ભરાઈ ગઈ. સૌરભને વિચાર આવતો, પેટી તો કાયમ ચાચા પાસે જ રહે તો જરુર પડ્યે એને એમાંથી લેવાનું મન નહીં થાતું હોય? નબળી ક્ષણે બાપુને પૂછી, ખીજ પણ ખાધેલી, " દાનમાં મળેલ રકમ તો ગાયમાટી બરાબર કહેવાય, નસીબદારને આવું કાર્ય કરવાનો મોકો ઈશ્વર આપે છે." જેમજેમ સૌરભ મોટો થતો ગયો એમ એણે જોયું કે, વારેતહેવારે ચાચાના ખાસ ઓળખીતા લોકો શેરીએ શેરીએ, દુકાને દુકાને ફરી ને ફાળા પેટે પૈસા ઉઘરાવતા અને કહેતા, 'આપવું તમારી ફરજ અને લેવું અમારો હક છે. ગરીબોને ભોજન, કપડાં, ભણતર માટે ચોપડા, દફતર વગેરે કેટલી મદદ, ચાચા નિઃસ્વાર્થ ભાવે કરે છે.'

સૌરભ તો મોટો થઈ શહેરમાં જતો રહ્યોં. ક્યારેક ગામે આવતો. લગભગ ચાચાની દુકાને કોઈ બીજું જ બેઠેલું દેખાય. એને આશ્ચર્ય થાય, પણ ક્યારેય પૂછ્યું નહીં. હા,પેટી એના સ્થાને અકબંધ હતી. માતાપિતાના એકપછી એક મૃત્યુ, નવી દુનિયા, જીવનના નવા સોપાનો સર કરવાની દોડધામ વગેરેમાં, પોતાનું ઘર, ગામ, ચાચા બધીયે યાદો ધીમેધીમે ધુંધળી થવા લાગી.

અતિ ખુમારી અને જે ઈચ્છ્યુ તે મેળવ્યાના આનંદ સાથે આજે સૌરભ 'જજ' તરીકેના જીવનની, પ્રથમ કેસની સુનાવણી માટે ખુરશી ઉપર ગોઠવાયો.

ગુનેગારના કઠેડામાં ઉભેલા, વિચિત્ર અને નિષ્ફિકર હાસ્ય ફરકાવતા, વિશાળ રસાલા સાથે આવેલી વ્યક્તિને જોઈ, એની આંખો સાશ્ચર્ય આઘાતથી ફાટી રહી ગઈ. વિસ્ફારીત આંખે સ્થળ કાળનું ભાન ભૂલી એનાથી રાડ પડાય ગઈ.

'આ શું? દેશનો મોસ્ટ વોન્ટેડ દાણચોર, અનેક ખૂનનો આરોપી, ખંડણીખોર, હ્યુમન ટ્રાફિકીંગનો બોસ...બહુરૂપી ચાચા તમે?' એ બરાડી ઉઠ્યો.

'ઓહોહો.. તો કથની અને કરણીમાં આસમાન જમીનનું અંતર હતું.' સૌરભ ખિન્ન થઈ ગયો.

- રીટા ભાયાણી.મીઠાપુર

---

**NOG SS No/0097**
વિષય:સુખ-દુઃખ,કરણી-કથની
પ્રકાર:ગદ્ય
શીર્ષક : ઘટનાચક્ર

સુખ દુઃખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડીયાં,
ટાળ્યા તે કોઈના નવ ટળે,
રઘુનાથના જડીયા.

સુખ અને દુઃખ એ એવું ઘટના ચક્ર છે કે દરેક વ્યક્તિએ એમાંથી પસાર થવું જ પડે છે. ખરેખર સુખ અને દુઃખ મનનું કારણ વધુ છે. સમાજે જે પરિસ્થિતિને સર્વ સામાન્યરીતે સ્વીકારી હોય એ પરિસ્થિતિમાં જે વ્યક્તિ અથવા પરિવાર ગોઠવાય ગયો હોય.એ વ્યક્તિ અથવા પરિવારને સમાજ સુખી માનશે. અને જે પરિસ્થિતિને સમાજે નથી સ્વીકારી.એવી પરિસ્થિતિમાં જીવનારને સમાજ દુઃખી માનશે.હવે ખરેખર જોઈએ તો દરેકે પોતે પોતાની જીવનશૈલી નક્કી કરવાની હોય છે. દરેક પરિસ્થિતિમાં સમતુલન જાળવી શકાય.એ રીતે પોતે અને પરિવારના સૌને તૈયાર રાખવા જોઈએ. ધાર્યું ધણીનું જ થાય છે. એવું વિચારી હાથ જોડીને બેસી પણ ન જ રહેવાય. સંજોગોને તાબે થયા સિવાય હિંમતથી પરિસ્થિતિ સંભાળવી જોઈએ. દુઃખને રળવાથી ઓછું નથી થતું. દુઃખ અને સુખ સિક્કાની બે બાજુ છે.દુઃખ પછી સુખ રાહ જોઈને ઊભું જ હોય છે.કદાચ દુઃખને રસ્તે થઈને જ સુખનું સરનામું મળતું હોય છે.દરેક પરિસ્થિતિ પ્રભુ ને આધીન જ હોય છે.એ કયારેય ન ભૂલીએ. સુખમાં છકી જઈને કોઈની સાથે અણછાજતું વર્તન ન કરીએ. ઘટનાચક્ર ફેરવાશે અને આપણે એ જ વ્યક્તિ પાસે મદદ માટે જવું પડે એવું બની શકે. માટે સ્વભાવ સંતુલિત રાખીએ.

વર્ષાબેન દેસાઈ,એડવોકેટ.વડોદરા

---

**NOG.SS NO.0095**
વિષય :-- કથની – કરણી
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " છૂપો ચહેરો "

કથની અને કરણી એટલે શું ? તો આપણે એમ પણ કહી શકીએ કે , " દેખાડવાના જુદાં અને ચાવવાના જુદા ." હા ઘણીવાર આપણે એવા સમાચારો પણ જાણતા હોય છે કે જ્યાં માનવ કલ્યાણની વાતો થતી હોય છે . રાજનેતાઓ ઠાલા વચનો આપે છે પણ જ્યારે એનો અમલ કરવાનો સમય આવે ત્યારે પરિણામ શૂન્ય !

ઘણીવાર આપણે એવા ' ઠગભગતો ' કે બની બેઠેલા સાધુ સંતોના ખૂબજ સમાજ ઉપયોગી પ્રવચનો પણ સાંભળતા હોઈએ છીએ .ધર્મ વિશેની ખૂબજ સારી સારી વાતો કરનારાં એજ સમાજ સુધારકો એજ ધર્મની આડમાં રહીને ના કરવાનાં ઘણાં જ ખરાબ કામ કરતાં હોય છે .ત્યાં એ સાબિત થતું દેખાય છે કે કહેવાનું ને કરવાનું બેઉ આવા લોકો માટે જુદું હોય છે .

એક મહિલા સેવા સમાજની સંસ્થામાં વાર્ષિક દિનની ઊજવણી નો કાર્યક્રમ હોય છે . એમાં મુખ્ય મહેમાન તરીકે આવેલા એક મહિલા સેવિકા ખૂબજ સુંદર પ્રવચન આપીને લોકોની વાહવાહી મેળવે છે .વાત હતી નારીની સુરક્ષા અને માન સન્માન ની ! તેમણે મા – દીકરી , સાસુ – વહુ નાં સંબંધ વિશે ખૂબજ અસરકારક પ્રવચન આપ્યું . લોકોએ તાળીઓનાં ગડગડાટ સાથે તેમને વધાવી લીધાં . બે દિવસ પછી સોસિયલ મિડિયા માં એક વીડિયો વાયરલ થયો જેમાં એજ સમાજ સેવિકા પોતાની જ પુત્રવધુ પર દહેજ બાબતે મારપીટ કરતાં નજરે દેખાતાં હતા .બીજે દિવસે પેપરમાં સમાચાર આવ્યા , મથાળું હતું , " એક આગેવાન મહિલા સમાજ સુધારકે પોતાની પુત્રવધુને દહેજની માંગણી કરીને ઢોર માર મારીને હત્યા કરી ." જુઓ આને કહેવાય કથની જુદી કરણી જુદી .

એક ગામમાં શાળામાં શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી . આચાર્યએ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે વિદ્યાર્થી મિત્રો તમે આવતીકાલનાં શિક્ષકો , નેતાઓ , અને સમાજનાં ઘડવૈયાઓ છો . તમારા વિચારો , વર્તન અને વ્યવહારમાં ક્યાંય જુદાપણું ન હોવું જોઇએ . ' કથની તેવી કરણી ' નાં સિદ્ધાંતને અનુસરીને જ જીવનમાં આગળ વધજો . છેલ્લી લાઈનમાં બેઠેલો એક વિદ્યાર્થી બોલ્યો , " સાહેબ થોડું મોટેથી બોલશો અહીં સુધી સંભળાતું નથી ."
ત્યાંજ આચાર્યનો અવાજ મોટો થયો ને જોરથી બોલ્યા , " કોણ બોલ્યો એ ગધેડો ?" આ સાંભળતા જ સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું . સરસ્વતી નાં મંદિરમાં જ આવું ?
આને કહેવાય " કથની જુદી અને કરણી જુદી ."

દીપિકા ચાવડા " તાપસી ".

## પોતાના જન્મદિનની ઉજવણી ૧૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરીને કરતા ખોડલધામના સ્વપ્નદ્રષ્ટા નરેશભાઈ પટેલ



ખોડલધામ ટ્રસ્ટનાં સ્વપ્નદ્રષ્ટા તથા સ્થાપક પ્રમુખ, સદજયોત ટ્રસ્ટનાં સેવાવ્રતી ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસની સીમાચિન્હ સ્વરૂપી ઉજવણી થઈ હતી. સમગ્ર ગુજરાતમાં ૫ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સફળતા પૂર્વક ઉછેર કરી રહેલા અને ગુજરાતનાં સૌથી મોટા વૃધ્ધાશ્રમ (૨૭૫) વડીલો એવા સદભાવના વૃધ્ધાશ્રમનાં પ્રમુખ અને ગુજરાત સરકારનો 'વન પંડિત' એવોર્ડ વિજેતા વિજયભાઈ ડોબરીયાનાં સથવારે નરેશભાઈ પટેલે ૧૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી, તેમજ આગામી વર્ષોમાં મિયાવાકી જંગલ સ્વરૂપે રંગપર ખાતે આ વૃક્ષોનાં ઉછેરની પણ સંપૂર્ણ જવાબદારી લીધી હતી. નરેશભાઈ પટેલે થોડા વૃક્ષોનું પ્રતિકાત્મક વાવેતર પણ કર્યું હતું. આ અંગે સંપૂર્ણ તકનીકી માર્ગદર્શન નિવૃત ફોરેસ્ટ અધિકારી વરસાણી સાહેબનું પ્રાપ્ત થઈ રહયું છે. ઉલ્લેખનીય છે કે વરસાણી સાહેબ આ પ્રકારનાં અનેક મિયાવાકી જંગલોનાં નિર્માણમાં નિમિત બન્યા છે, બનતાં રહે છે. આ મિયાવાકી જંગલની પણ સંપૂર્ણ દેખરેખ વરસાણી સાહેબ જ કરવાનાં છે. આ પ્રસંગે નરેશભાઈનાં પરીવારજનો ડો. ડાયાભાઈ પટેલ, શિવરાજ નરેશભાઈ પટેલ, જગદીશભાઈ ડોબરીયા, પ્રકાશભાઈ પીપળીયા વગેરે પણ ઉપસ્થિત રહયાં હતાં. ઉલ્લેખનિય છે કે, હજારો યુવાનોએ સમગ્ર ગુજરાતમાં રકતદાન કરી નરેશભાઈ પટેલનાં જન્મદિનને ફુલડે વધાવ્યો છે. સોમનાથ દાદા અને માં ખોડલ સેવાવ્રતી નરેશભાઈ પટેલની હરકોઈ મનોકામના પરિપૂર્ણ કરે અને એમનું જીવન સુખમય અને મંગલમય ભર્યું રહે અને નિરોગી તથા દીર્ઘાયું રહે અને સમાજને એમની સેવાનો લાભ મળતો રહે એવી સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારે શુભકામના પાઠવી હતી. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રાજકોટને ગ્રીન સીટી બનાવવાનું અભિયાન પુરજોશમાં ચાલી રહયું છે. આ અભિયાન હેઠળ આ ચોમાસામાં શહેરમાં ૨ લાખ જેટલા વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર કરવામાં આવશે. સાથોસાથ તેના જતનની પણ તકેદારી લેવામાં આવશે. ઉપરાંત આ વર્ષે નવો અભિગમ શરૂ કરાયો છે જેમાં તમામ સરકારી કચેરીઓ, સરકારી કે ખાનગી શાળાઓમાં સદભાવના વૃધ્ધાશ્રમની ટીમ આવીને વિનામુલ્યે વૃક્ષારોપણ કરી જશે.રાજકોટને ગ્રીન બનાવવાના સંકલ્પ સાથે કાર્યરત સદભાવના વૃધ્ધાશ્રમ આજે દરેક શેરીઓ, મહોલ્લાઓ અને સોસાયટીઓમાં જાણીતું બન્યું છે. ગુજરાતનું સૌથી મોટું સદભાવના વૃધ્ધાશ્રમ નિરાધાર ૨૭૬ વડીલોને આશ્રય આપવાની સાથે શહેરને ગ્રીન બનાવવાનું પણ અભિયાન ચલાવી રહયું છે. જેને ખૂબ ટૂંકા સમયમાં ૫,૦૦,૦૦૦ વૃક્ષો વિનામુલ્યે પીંજરા સાથે વાવી તેનું જતન કરાયું છે. વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કર્યું છે. વૃક્ષો વાવવા સહેલા છે. પણ તેની માવજત કરવી અઘરી છે. જયારે આ સંસ્થા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. સદભાવના વૃધ્ધાશ્રમનું 'ધ ગ્રીન મેન' તરીકે જાણીતા વિજયભાઈ ડોબરીયા સફળ રીતે સુકાન સંભાળી રહયા છે. તેઓએ વડીલોની અને પર્યાવરણની બંન્નેની સેવા કરવાના સંકલ્પ સાથે નાની એવી સંસ્થા શરૂ કરી હતી જે આજે ભગીરથ કાર્યોથી વટવૃક્ષ બનીને લોકપ્રિય બની છે. હાલ કોરાનાની મહામારી વચ્ચે પણ વિજયભાઈ ડોબરીયાના માર્ગદર્શન હેઠળ સદભાવના વૃધ્ધાશ્રમની ફોજ વૃક્ષારોપણની કામગીરી પુરજોશમાં કરી રહી છે. સંસ્થા હાલ ૭૦ ટ્રેકટર, ૭૦ ટેન્કર, ૪૦૦ વ્યક્તિઓના સ્ટાફ વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી આ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન પાછળ અત્યાર સુધીમાં કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે માટે રાજય સરકારે 'ધ ગ્રીન મેન' વિજયભાઈ ડોબરીયાનું 'વન પંડીત' એવોર્ડથી સન્માન પણ કર્યું હતું.

# નર્મદા જિલ્લાના આદિવાસીઓ મહુડાના ફળ ડોળી માંથી બનતું તેલ વાપરે છે.

રાજપીપલા, તા ૬

સામાન્ય રીતે ગુજરાતીઓ ખાદ્યતેલ તરીકે સીંગતેલ, કપાસીયાનું તેલ કે સૂરજમુખી કે રાયડા કે સરસવનું તેલ વાપરતા હોય છે. પણ નર્મદાજિલ્લાના આદિવાસીઓ ક્યારેય સીંગતેલ કે અન્ય તેલ વાપરતા નથી. પણ તેને બદલે ડોળીનું તેલ વાપરે છે. હા.આદિવાસી ઓ માટે સસ્તું અને આરોગ્ય વર્ધક ડોળીનું તેલ કેવી રીતે વાપરે છે. તેનોખાસ અહેવાલ જોઈએ

નર્મદા જિલ્લા મા પુષ્કળ મહુડાના ઝાડ આવેલા છે. તેના પર ડોળી નામનું ફળ લાગે છે. આ ફળ પાકે ત્યારે તે નીચે જમીન પર પડી જાય છે. આદિવાસીઓ આ ડોળી ને વીણી તેને ફોડી તેને સુકવી ને કોથળા, થેલા ભરી લે છે.

હાલ ડોળીમાંથી તેલ પિલવાની સીઝન શરૂ થઈ છે. હાલ આદિવાસીઓ કોથળામા ડોળી ભરી ને તેલ પિલવાની ઘંટીએ મોટી સંખ્યામા ઉમટી પડ્યા છે. સાથે તેલનો ખાલી ડબ્બો લઈને આવે છે. પછી એ ડબ્બા મા ડોળીનું તેલ ભરીને ઘરે લઈ જાય છે. આખા વર્ષ માટે ડોળીનું તેલ ભરી રાખે છે. અને ખાદ્ય તેલતરીકે આખુ વર્ષ આદિવાસીઓ ડોળીનું જ તેલવાપરે છે આદિવાસીઓ ક્યારેય સીંગ તેલ



કે અન્ય ખાદ્ય તેલ વાપરતા જ નથી.કારણકે ગરીબ આદિવાસીને સીંગતેલ મોંઘુ હોવાથી પોષાય તેમ નથી.

હાલ સીંગ તેલના બજાર ભાવ ૧૫કિલોના ડબ્બે ૨૭૦૦રૂ ભાવ છે જયારે કપાસિયા તેલ નો ભાવ ૨૪૦૦રૂપિયા છે. જયારે આદિવાસીઓને ડોળીનું તેલ સાવ મફતમાં પડે છે. કારણકે મહુડા ફળ ડોળીએ જંગલની પેદાશ હોવાથી મફતમાં મળે છે.માત્ર તેલ પિલવાનો ભાવ કિલોના સાત રૂપિયે હોવાથી સરવાળે આદિવાસીઓ ને આ તેલ સાવ મફતમાં પડી રહે છે.

આદિવાસીઓના જણાવ્યા અનુસાર આ ડોળીનું તેલ આરોગ્ય માટે ખુબ સારુ ગણાય છે.ખાસ કરીને માલીસ માટે આ તેલ વપરાય છે ખાવામાં પણ આરોગ્ય વર્ધક હોવાથી ડોળીનું તેલ ખાતા આદિવાઓ ક્યારેય બીમાર પડતા નથી.હાલ રાજપીપલા ખાતે તેલ પીલવાની ઘંટીએ તેલ પિલાવવા આદિવાસીઓ રાજપીપલા ખાતે મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. વરસાદ પહેલા આદિવાસી આખા વર્ષનું તેલ ભરી લે છે.

તેલ ખાતી વખતે કડવાશકે કોઈ વાસ ન મારે તે માટે ગૃહિણીઓ ચૂલા પર તેલને ગરમ કરી છેઅને તેમાં થોડી લસણની કળીઓ નાંખી તેને કકડાવી લે છે ત્યાર બાદ તેનો ખાવામા ઉપયોગ કરાય છે. આ ખાદ્ય તેલ આરોગ્ય માટે ખુબ સારુ ગણાય છે. ડોળીના તેલના ફાયદા જાણ્યા પછી હવે આમ લોકો પણ ડોળીનું તેલ વાપરતા થયાં છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



આજરોજ તા. ૧૨/૭/૨૦૨૧ ના કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે સન ફાઉન્ડેશન દ્વારા બનાવવામાં આવેલ ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે તેમને જણાવ્યું કે, સન-ફાઉન્ડેશનના આ પ્રયત્નોથી ગુજરાતમાં કોરોના સામેની લડતને વધુ વેગ મળશે અને આ વિસ્તારની જનતાને લાંબા સમય સુધી ફાયદો થશે.

# અમદાવાદમાં જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રામાં પહીંદ વિધિ કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીએ અષાઢી બીજના પાવન અવસરે ૧૪૪ મી જગન્નાથ રથયાત્રા ને પ્રસ્થાન કરાવતા પૂર્વે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન વહેલી સવારે મંદિર પરિસરમાં કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને સતત પાંચમી વાર ભગવાન જગન્નાથની રથયાત્રાની પહિન્દ વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા પણ આ વિધિમાં ભક્તિભાવ પૂર્વક સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈએ અષાઢી બીજે પરંપરાગત યોજાતી રથયાત્રામાં આ વર્ષે પણ ભગવાનના રથની સોનાની સાવરણીથી સેવા સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજે કચ્છી નૂતન વર્ષ અવસરે કચ્છી સમાજના સૌ ભાઈ બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોના વાઈરસના સંક્રમણને કારણે આ વર્ષે કોવીડ પ્રોટોકોલ પ્રમાણે રથયાત્રા યોજાઈ છે. ભગવાન જગન્નાથના દર્શન કરીને ગુજરાત રાજ્ય કોરોના મહામારી માંથી બહાર આવનારું દેશનું કોરોના મુક્ત પ્રથમ રાજ્ય બને તેવી પ્રાર્થના કરી છે.રાજ્યમાં સમગ્ર સ્થિતિ પૂર્વવત બને તેવી ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

આજે અષાઢી બીજ કચ્છી સમાજના લોકોના નવ વર્ષની શરૂઆત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છી સમાજના લોકોને શુભેચ્છા પાઠવી હતી.

તેમણે વિશેષમાં કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિચાર ના પગલે કચ્છ જિલ્લામાં નર્મદાનું એક મિલિયન એકર ફીટ પાણી મળે તે પ્રમાણેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

નર્મદા ના આ જળ કચ્છ જિલ્લાની સમૃદ્ધિમાં વધારો કરશે તેવો ભાવ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

ભગવાન જગન્નાથ અને સુભદ્રાજી તથા બલભદ્રના રથ શહેરમાં નગરચર્યાએ નીકળ્યા છે પરંતુ નગરજનો ઘરે બેઠા છે દર્શનનો લાભ લે તે જરૂરી છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કેઘરે બેઠા દર્શનનો લહાવો મેળવી શકે તે માટેની તમામ વ્યવસ્થાઓ કરાઈ છે. કોરોના મહામારીમાંથી દેશ અને ગુજરાત જલ્દી મુક્ત થાય અને રાજ્યની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે તે માટે ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે,કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં લોકોની આસ્થા સાથે જોડાયેલુ આ પર્વ શાંતિપૂર્ણ સંપન્ન થાય તે માટે રાજ્ય સરકારે વિશેષ આયોજન કરીને આ રથ યાત્રા યોજી છે,જેમા કોરોનાની માર્ગદર્શિકાનું પાલન થાય તેનું પણ ધ્યાન રાખ્યું છે.રથયાત્રાનું પર્વ માત્ર અમદાવાદ જ નહી પરંતુ આ માટે રાજ્ય સહિત દેશ આખા માટે વિશેષ મહત્વ ધરાવે છે ત્યારે આ રથયાત્રા ભાઈચારા અને એકતાનું પ્રતીક પુરવાર થઇ છે.

આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટ પરમાર , ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ જહા અને અન્ય આગેવાનો જગન્નાથજીના દર્શન-અર્ચન માટે ઉપસ્થિ ત રહ્યા હતાં.



જગન્નાથજીની રથયાત્રાના પાવન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ ઘણા વર્ષોથી અમદાવાદના જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં હાજરી આપતાં હોય છે અને દર વખતની જેમ આજરોજ તા. ૧૨/૭/૨૦૨૧ના શ્રી જગન્નાથ મંદિર, જમાલપુર અમદાવાદ ખાતે મંગળા આરતી નો લાભ લીધો અને જનતા ના આરોગ્ય માટે પ્રભુ જગન્નાથને પ્રાર્થના કરી હતી.

# ભવનાથ પોલીસે ૧૧ વાહન ડિટેઈન કરી મેમો ફટકાર્યો

તાજેતરમાં ભવનાથ વિસ્તારમાં સગીર બાળકો દ્વારા પુરઝડપે બેફિકરાઈથી વાહનો ચલાવી, અકસ્માત સર્જવાના બનાવના પગલે જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ખાસ કરીને વગર લાયસન્સએ વાહન ચલાવતા ટીન એજરો ઉપર કાર્યવાહી કરવા સુચનાઓ કરવામાં આવેલ છે...

જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ.સી.ચુડાસમા તથા સ્ટાફના હે.કો. રામદેભાઈ, ભીમાભાઈ, રાજુભાઇ ઉપાધ્યાય, કરશનભાઈ, પો.કો. અશ્વિનભાઈ, સહિતના સ્ટાફની ટીમ દ્વારા ખાસ ચેકીગ હાથ ધરી, ૧૧ જેટલા સગીર વયના બાળકોને વાહન ચલાવતા પકડી પાડી, વાહન ડિટેઈન કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા કાર્યવાહી કરી, ૦૯ વાહનો ડિટેઈન કરી, આરટીઓ કચેરીના મેમાં ફટકારવામાં આવેલ છે. આરટીઓ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવે ત્યારબાદ વાહન છોડવામાં આવશે. સગીર વયના બાળકો, જેઓ પાસે લાયસન્સ ના હોય તેવા બાળકોને વાહન ચલાવવા આપતા વાલી/પિતા ઉપર પણ કાર્યવાહી કરવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે..આ પ્રકારની ખાસ ઝુંબેશ આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે, તેવું પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે... અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર



બ્રમ સમાજ નું ઘરેણું અશોકભાઈ જોષી. માલસૂદ,નું અકાળે મૃત્યુ ના સમાચાર, સાંભળીને, ખૂબ દુખ થયું,,,મહાદેવ, એમના આત્માને શાંતી આપે,,,ઓમ,શાંતિ,

## જીલ્લા પોલીસવડાએ રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

# અરવલ્લી : મોડાસા,શામળાજી,ધનસુરામાં મંદીર પરીસરમાં રથયાત્રા નીકળી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના સંક્રમણના પગલે અરવલ્લી જીલ્લામાં અષાઢી બીજે નીકળતી પરંપરાગત રથયાત્રા મુલત્વી રાખવામાં આવી હતી મોડાસા, ધનસુરા અને શામળાજી મંદીર પરીસરમાં રથયાત્રા નીકળી હતી મંદીરની પરિક્રમા પુર્ણ કરી ભગવાન નીજ ઘરે પરત ફર્યાં હતા



મંદીર પરિસરમાં નીકળેલ રથયાત્રામાં રથયાત્રા ઉત્સવ સમિતીના સભ્યો,મંદીર ટ્રસ્ટીઓ અને જૂજ સંખ્યમાં ભક્તો જોડાયા હતા મોડાસા શહેરમાં સુપ્રસિદ્ધ બાલકદાસજી મંદિરમાં ભવ્ય સુશોભીત રથમાં ભગવાન જગન્નાથજીને બીરાજીત કરી મંદીર પરિસરમાં રથયાત્રા નીકળી હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે રથનું પ્રસ્થાન કરાવ્યું હતું

આ પ્રસંગે ,ડીવાયએસપી અને ટાઉન પીઆઈ એન.જી.ગોહિલ સહીત પોલીસતંત્રના અધિકારીઓ ઉપસ્થીત રહ્યા હતા જીલ્લા પોલીસવડાએ કોરોના મહામારીમાં રથયાત્રા મુલત્વી રાખવાના નીર્ણયની સરાહના કરી હતી

અરવલ્લી જીલ્લામાં મોડાસા,ધનસુરા અને શામળાજી મંદીર પરિસરમાં નીકળેલ રથયાત્રામાં ,જય જગન્નાથ ભગવાન અને જય રણછોડ માખણ ચોરના નાદથી ગુંજી ઉઠ્યા હતા મંદીર પરિસરોમાં સરકારી ગાઈડ લાઈન અનુસાર પરીક્રમા યોજાઈ હતી મંદીર વિસ્તારમાં પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્તમાં તૈનાત જોવા મળી હતી સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં ચાંદીના રથમાં લાલજી ભગવાન બીરાજી મંદીર પરિસરમાં ભક્તોને દર્શન આપવા નીકળ્યા હતા શામળાજી મંદીરની સાત પરીક્રમા યોજાઈ હતી ધનસુરા રામજી મંદિરમાં ૧૧૮ મી રથયાત્રામાં ભગવાનને શણગારેલ પાલખીમાં બીરાજમાન કરી સંતો મહંતોની ઉપસ્થિતીમાં મંદીર પરિસરમાં રથયાત્રા નીકળી હતી

# ભક્તિ યોગાચાર્ય શ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ત્રિસ્તુતિક સંઘના મુનિરાજોનો ચાતુર્માસ પ્રવેશ યોજાયો




પાટણ ના પંચાસરા મંદિર પાસે આવેલ ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય ખાતે ત્રિસ્તુતિક જૈનાચાર્ય ગચ્છાધિપતિ શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય મુનિરાજ શ્રી ચારિત્ર રત્ન વિજય જી મહારાજ અને મુનિરાજ શ્રી નિપુણ રત્ન વિજય જી મહારાજ આદિ ઠાણા ૩૬ નો ઉત્સાહ અને ઉમંગ ના વાતાવરણ સાથે ચાતુર્માસ પ્રવેશ ભક્તિ યોગાચાર્ય શ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજા ની પાવન નિશ્રા યોજાયો, સવારે મર્યાદિત સંખ્યામાં લોકો ને ઉપસ્થિત રાખી ને શોભાયાત્રા આયોજિત કરવામાં આવી જેમાં ગુરુદેવ શ્રી રાજેન્દ્ર સુરીશ્વરજી મહારાજા અને રાષ્ટ્રસંત સુવિશાલ ગચ્છાધિપતિ શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મહારાજા ના ફોટા બગી માં લઈ ને બેસવા નો લાભ પાટણ ના મોરખીયા વાડીલાલ કેશવલાલ પરીવારે લીધો, શોભાયાત્રા શહેર ના મુખ્ય માર્ગ ઉપર થઇ ને ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય માં સંપન્ન થઇ ત્યાર બાદ ધર્મસભા નું આયોજન કરવામાં આવ્યું જેમાં જૈનાચાર્ય શ્રી અને મુનિરાજો ના પ્રવચન યોજાયા , ધર્મસભા માં જૈનાચાર્ય શ્રી અને મુનિરાજ શ્રી ને મધ્યપ્રદેશ નાં બડનગર નિવાસી સંઘવી રાજેન્દ્રકુમાર શંકરલાલ પરિવાર દ્વારા કામળી અર્પણ કરવામાં આવી, મુનિરાજ શ્રી ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે નગર માં ચાતુર્માસ હેતુ પધારેલ સાધુ સાધ્વી મહારાજો ની પાવન ઉપસ્થિતિ રહી, ચાતુર્માસ પ્રવેશ ના આયોજન નો લાભ ત્રિસ્તુતિક જૈન સંઘ ના અગ્રણી થીરપુર તીર્થ નિવાસી જેઠીબેન ચીમનલાલ પરિવાર નાં શાન્તિભાઈ શેઠ દ્વારા લેવામાં આવ્યો , મુનિરાજ શ્રી ના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે દરેક વર્ષે આવતા અનેક નગરો ના હજારો ભાઈ બહેનો ને કોરોના ની પરિસ્થિતિ ના કારણે નહી આવવા માટે મુનિરાજ ના દ્વારા સંદેશો મોકલવા માં આવ્યો હતો જેનું દરેક ભાઈ બહેનો એ પાલન કરી ને સોશ્યલ મીડિયા અને પત્ર ના માધ્યમ થી ચાતુર્માસ પ્રવેશ ની શુભેચ્છા પાઠવી, ત્રિસ્તુતિક જૈન સંઘ પાટણ ના અગ્રણી અલકેશ મારવાડી એ જણાવ્યું કે પ્રવેશ પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા માટે પધારેલ ભક્તિ યોગાચાર્ય શ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજા નું આગામી ચાતુર્માસ ઉત્તર ગુજરાત ના બનાસકાંઠા જિલ્લા ના ભીલડી નગરે થશે, કાર્યક્રમ નું સંચાલન સંજયભાઈ મોદી એ કર્યું, કાર્યક્રમ ને સફળ બનાવવા ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય ના સદસ્યો નું યોગદાન રહ્યું.

## નર્મદામા ભારે વરસાદ મા વીજળી પડવાથી ચાર જણાને ગંભીર ઈજા

# દેડિયાપાડા તાલુકાના મોટી કોરવાઇ ગામે એક અને કહાલપુર ગામે ઉમળી કૂલ ચાર જણાને ગંભીર ઈજા

રાજપીપલા, તા.૧૨

નર્મદામા ભારે વરસાદમા વીજળી પડવાથી ચાર જણાને ગંભીર ઈજા થવા પામી છે. જેમાં દેડિયાપાડા તાલુકાના મોટીકોરવાઇ ગામે એક અને કહાલપુર ગામે ઉમળી કૂલ ચાર જણાને ગંભીર ઈજાથવા પામી છે.તમામ અસરગ્રસ્તોને એબ્યુલન્સ ૧૦૮ મારફતે સારવાર અર્થે સી.એચ.સી.દેડીયાપાડા ખાતે ખસેડાયા છે

જેમાં તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ સાંજના ૭.૧૫ કલાકની આસપાસ ગાવીજ સાથે વરસાદ ચાલુ હતો આ ચાલુ વરસાદે



આકાશી વિજળી પડવાથી ૪ વ્યક્તિઓને સામાન્ય શારીરિક ઈજા થઈ હતી . આ ઈજા પામનાર અસરગ્રસ્તોને સરકારી એબ્યુલન્સ ૧૦૮ મારફતે સારવાર અર્થે સી.એચ.સી.દેડીયાપાડા ખાતે લાવવામાં આવ્યા હતા અને સારવાર બાદ તેમના પરત મોકલવામાં આવેલ છે. ઈજા પામનાર વ્યક્તિઓમા ૧ પ્રકાશભાઇ રૂપસિંગભાઇરહે મોટી કોરવાઇ.૨)રેખાબેન પ્રકાશભાઈ, ૩)પુષ્પાબેનશૈલેષભાઇ,૪) હંસાબેન પ્રતાપભાઇ રહે કહાલપુર)ને ઈજા થતાં આ અંગે ડેડીયાપાડા મામલતદારે રિપોર્ટ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર : જયોતિ જગતાપ, રાજપીપલા

## વરસાદી માહોલ જોવા મળતા ખેડૂતો ખુશખુશાલ

# અરવલ્લીમાં મેઘરાજાની એન્ટ્રી : ૧.૪૦ લાખ હેક્ટર વાવેતર માટે કાચું સોનુ વરસ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેર અને જિલ્લામાં છેલ્લા બે સપ્તાહના ઉકળાટ ભર્યા વાતાવરણ પછી શનિવારે સાંજે હવામાનમાં એકાએક બદલાવ આવ્યો હતો આકાશે કાળા ડીબાંગ વાદળો ખેંચાઈ આવતા મોડાસા તેમજ ભિલોડા સહીત સમગ્ર જીલ્લામાં મોસમેં મિજાજ બદલ્યો હોય તેમ બંને તાલુકાઓમાં સાંજ પછી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે. જેને લઈને ખેડૂતો ખુશખુશાલ થયા છે. મોડાસા પંથકમાં રાત્રીના સુમારે મેઘરાજાના આગમન થી અસહ્ય ઉકળાટ અને બફારા સામે રાહત મળી હતી રવિવારે સવારે પણ જીલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું

અરવલ્લી જીલ્લામાં અષાઢી બીજ પહેલાં જ મેઘરાજાએ મુહૂર્ત સાચવી લીધું છે. અને ખેડૂતો ના વાવેતરને જીવતદાન મળી ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ અરવલ્લી જીલ્લાના મોડાસા અને ભિલોડા પંથકમાં રાત્રે વાતાવરણમાં એકા-એક પલ્ટો આવતા લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થયું છે.ભિલોડા સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન દરમ્યાન ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.ભારે ઉકળાટ બાદ મેઘ મહેર થઈ છે.વરસાદને પગલે ખેડુતોના ખેતરોમાં મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું છે.વરસાદ ખેંચતા ખેડુતોમાં ચિંતા વ્યાપી હતી.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વરસાદ ન આવતા ખરીફ પાક પર નિષ્ફળ જવાની દહેશત સર્જાઇ હતી . જીલ્લામાં ખેડૂતોએ સારા વરસાદની આશાએ ૧.૪૦ લાખથી વધુ હેકટરમાં ખરીફ પાકોનું વાવેતર કર્યું છે શનિવારે રાત્રે મેઘરાજાની એંટ્રી થી ખરીફ પાકને નવજીવન મળતા હૈયે હાશકારો અનુભવ્યો છે જો કે જીલ્લામાં સપ્તાહ દરમિયાન અનાધાર વરસાદ નહિ ખાબકે તો ખેતી બળી જવાની સાથે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થશે હાલ તો જીલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાને રીઝવવા ધર્મનું શરણ લીધું છે

## ભક્તોએ શણગારેલા ભગવાનના રથને દોરડાથી ખેંચી ધન્યતા અનુભવી

# રાજપીપલામા આજે અષાટી બીજના રોજ કર્ફ્યુની વચ્ચે પહેલી વાર કોરોના ગાઈડ લાઈન પ્રમાણે સીમિત ભક્તોની વચ્ચે ભગવાન જગન્નાથની દબદબાભેર રથયાત્રા નીકળી





રાજપીપલા, તા.૧૨

નર્મદાના વડા મથક રાજપીપલા ખાતે આજે અષાઢી બીજના દિવસે પહેલી વાર જાહેર કરેલ કર્ફ્યુની વચ્ચે કોરોના ગાઈડ લાઈન પ્રમાણે સીમિત ભક્તોની વચ્ચે ભગવાન જગન્નાથની દબદબાભેર રથયાત્રા નીકળીહતી. જેમાં ભક્તોએ ભગવાનના રથને દોરડાથી રથખેંચી ધન્યતા અનુભવીહતી.રથયાત્રા માર્ગ પર ચુસ્ત પોલીસ બન્દોબસ્ત ગોઠવાયોહતો

આજની આ રથયાત્રામા ૬૦વધુ લોકોને ભેગા નહીંકરવાની પરમિશન હોવાથી તેમજ આ વખતે ટ્રક, હાથી, ભજન મંડળી, બેન્ડ વિગેરેરથયાત્રા/શોભાયાત્રામાં ભાગ લેવા પ્રતિબંધ મુકાયો હતો. તેથી સીમિત ભક્તો જ આ વખતે રથયાત્રામા જોડાયા હતા . તથા પુજાવિધિમાં ભાગ લેનારનેતમામને પણ રથયાત્રાના ૪૮-કલાક પહેલાકરાવેલ RTPCR Test નેગેટીવ આવ્યો હોય તેવાને તેઓ જ સામેલ કરાયા હતા.અને રાજપીપલામા ભગવાન જગન્નાથની રથયાત્રાપહેલીવાર કોવીડ ૧૯ના પ્રોટોકોલ પ્રમાણે નીકળી હતી.

આજની આ રથયાત્રા કોરોના સંકર્મણ ને ધ્યાને લઈ રથયાત્રાનો માર્ગ ટુકાવવામા આવ્યો હતો. જેમાંજિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન વચ્ચે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ડીવાએસપીરાજેશ પરમાર, ટાઉન પીઆઈ તથા પોલીસ સ્ટાફ વચ્ચે ભગવાન જગન્નાથજીની રથયાત્રા રાધાકૃષ્ણ મંદિર, સ્ટેશન રોડ, કોર્ટ ત્રણ રસ્તા, લાલ ટાવર, દરબાર રોડ, જુની પોષ્ટ ઓફિસ, કાછીયાવાડ, માછીવાડ ગેટ અને સફેદ ટાવર વિસ્તારોમાંથી નીકળી હતી.

આજે કલેકટરે બહાર પાડેલ જાહેરનામા પ્રમાણે સવારના ૦૭થી બપોરના ૦૧ કલાક સુધી કરફ્યુ (Curfew) નો અમલ જાહેર કરેલ હતો.કરફ્યુના આ સમયગાળા દરમ્યાન માછીવાડ ગેટથી સ્ટેશન રોડ તરફ આવતા વાહનોએ હરસિધ્ધિ ભવાની મંદિર, સંતોષ ચોકડી, કાળીયા ભૂતથી વડીયા જકાતનાકા તરફ તથા કોર્ટ ત્રણ રસ્તાથી કાળાઘોડા તરફ જતા વાહનોએ કોલેજ રોડ થઈ કાળીયા ભૂતથી હરસિધ્ધિ ભવાની મંદિર થઈ કાળાઘોડા અને વડીયા જકાતનાકા તરફ જવાના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવામાટે ડાઈવરઝન અપાયું હતું.આજે પહેલીવાર ભગવાનજગન્નાથજી, દેવી સુભદ્રા, અને બલરામ જનતા કર્ફ્યુની વચ્ચે નગરચર્યાએ નીકળ્યા હતા. આ રથયાત્રામા નગરપાલિકા પ્રમુખ કુલદીપ ગોહિલ, સિધ્ધેશ્વર સ્વામી,સહિત ભક્તો જોડાયા હતા

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.